મંદીરા બેદી લગ્ન બાદ કેટલીક આકરી પસંદગીઓ કરે છે

અમદાવાદઃ શક્તિશાળી મહિલાઓ પણ ઘણી વાર વૈતરુ કરનારી પરંપરાગત ટેવોનો સામનો કરતી હોય છે જે તેમને અને તેમની શક્તિને નીચી બતાવે છે. પ્રત્યેક તબક્કે પોતાની જાતને સાબિત કરી હોવા છતાં પણ આજે તે ચોક્કસ પ્રકારની હોય છે. આ પ્રકારની લેબલ્સને ફગાવી દેતી વિખ્યાત અભિનેત્રી અને તંદુરસ્તી પ્રત્યે સભાન મંદીરા બેદીએ પોતાના જીવનનો હવાલો પહેલેથી જ લઈ લીધો છે. અભિનેત્રી બનાવાના પોતાના સ્વપ્ર અને જેને પ્રેમ કરે છે તેન સાથે લગ્ન કરવા સુધી એમ દરેકમં તેણીએ પોતાના નિર્ણયો કર્યા છે અને તેમના વિશે સખ્તાઈ ધરાવે છે. ભારતમાં એક મહિલા તરીકે તેની તરફેની પરંપરાગત ટેવો અનાવશ્યક છે અને તેણી સુંદર રીતે તેને પાર કરે છે.

પોતની જિંદગી બનાવવા માટે અનેક આકરા નિર્ણયોમાંનો એક છે લગ્ન બાદ માતા બનવા પર પોતાની કારકીર્દી પસંદ કરવાનો. કોઈપણ ધૃણા, લેબલ્સને જાકારો આપતા આકરામાં આકરા નિર્ણયો લેતા તેણીએ તે સમયે વ્યાવસાયિક પ્રતિબદ્ધતાઓને કારણે પોતાના માતૃત્ત્વમાં ૧૨ વર્ષનો વિલંબ કર્યો હતો. (૧૯-૮)

ભારતની મૃદુલ દેહાનકર ૮ પોઈન્ટ સાથે ચેમ્પીયન બની

અમદાવાદઃ ઉપરોક્ત ટુર્નામિન્ટનું આયોજન ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું અને ટુર્નામિન્ટનું સમાપન તા.૧૮-૧૧-૨૦૧૯ના રોજ થયું. અગિયારમાં રાઉન્ડનાં અંતે ભારતની મૃદુલ દેહાનકરે (રેટીંગ ૨૧૧૪) ૮ પોઈન્ટ સાથે ટુર્નામિન્ટમાં સરસાઈ ભોગવી ચેમ્પીયનશીપનું ખિતાબ હાંસલ કરેલ છે. મૃદુલે ભારતની જ એક અન્ય ખેલાડી આકાંક્ષા હગવાને (રેટીંગ ૨૨૨૭)ને અગિયારમાં રાઉન્ડમાં હરાવી ચેમ્પીયનશીપ હાંસલ કરેલ છે. અન્ય વિયેતનામની ખેલાડી ન્યુએલ થી માઈ (રેટીંગ ૨૨૭૦) અને યુક્રેનની ખેલાડી બેબી ઓલ્ગા (રેટીંગ ૨૨૪૯) અનુક્રમે ૭ પોઈન્ટ સાથે બીજા અને ત્રીજા ક્રમાંકે રહ્યા હતા. આખરી પરિણામો નીચે મુજબ રહ્યા હતા.

૧) મૃદુલ દેહાનકર (ભારત) - ૮ પોઈન્ટ, ૨) ન્યુએલ થી માઈ (વિયેતનામ) - ૭ પોઈન્ટ, ૩) બેબી ઓલ્ગા (યુક્રેન) - ૭ પોઈન્ટ, ૪) આકાંક્ષા હગવાને (ભારત) - ૭ પોઈન્ટ, ૫) લ્યુન્ગ ફયુન્ગ હેન (વિયેતનામ) - ૬.૫ પોઈન્ટ, ૬) "ત્યુશા બોઙ્ગ (ભારત) - ૫.૫ પોઈન્ટ, ૭) "યિંકા કે (ભારત) - ૫.૫ પોઈન્ટ, ૮) ગવશાલી એના (જ્યોર્જીયા) - ૫ પોઈન્ટ, ૯) એન્થુલ અલ્તાન ઉલ્ઝી (મોંગોલીયા) - ૪.૫ પોઈન્ટ, ૧૦) હ"ર્ીની એ (ભારત) - ૪.૫ પોઈન્ટ, ૧૧) કુર્બાબોઈવા સાર્વીનોઝ (ઉઝબેકીસ્તાન) - ૪ પોઈન્ટ, ૧૨) તનીશ્કા કોટીયા (ભારત) - ૧.૫ પોઈન્ટ, કુલ રૂા.૧૦ લાખના રોકડ ઈનામો ૧૨ ખેલાડીઓ વચ્ચે વહેંચવામાં આવ્યા હતા. આ ઉપરાંત ખેલાડીઓને ટ્રોફી તેમજ સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભાવેશ પટેલ (સીઈઓ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન), જયેશ મોદી (વાઈસ "સીડન્ટ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન), રાજેશ ચાવડા (સેક્રેટરી, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન), મયૂર પટેલ (વાઈસ "સીડન્ટ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન), નૈમિ"ા મારફતીયા (સેક્રેટરી, સ્પોર્ટસ કલબ), શેખર ચંદ્ર સાહુ (વાઈસ "સીડન્ટ, ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન) તેમજ તેજસ બાકરે ("થમ જીએમ, ગુજરાત) દ્વારા વિજેતા ખેલાડીઓને ઈનામ વિતરણ કરવામાં આવેલ અને વિજેતા ખેલાડીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ★

જો બાલાસાહેબ ઠાકરે જીવિત હોત તો ભાજપ આટલી હિંમત દેખાડી શકત?

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સરકાર બનાવવાને લઈને ભાજપ-શિવસેના વચ્ચે કોકડું ગુંચવાયેલું છે. આ સ્થિતી વચ્ચે એનસીપી નેતા રોહીત રાજેન્દ્ર પવારે ભાજપ-શિવસેના ગઢબંધન પર પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે, એનડીએના સહયોગીઓ વચ્ચે હાલનું ઘર્ષણ લોકતંત્રનું અપમાન છે. શરદ પવારના પૌત્ર રોહીત પવારે ફેસબુક પોસ્ટમાં બાલાસાહેબના વખાણ કર્યા.

તેમણે કહ્યું કે, તેઓ તેમની ઈજ્જત કરે છે. સાથે જ તેમણે સવાસ કર્યો કે જો બાલાસાહેબ ઠાકરે આજે જીવિત હોત તો ભાજપ આટલી હિમ્મત દેખાડી શકત? તેમણે ફેસબુક પોસ્ટમાં લખ્યું કે, મહારાષ્ટ્રમાં ઘણાં એવા નેતા થયાં છે જેમને લોકોનું સમ્માન મળ્યું છે. તેમાંથી એક છે બાલાસાહેબ ઠાકરે. એવી ઘણી બાબતો છે જેથી હું તેમનું સમ્માન કરું છું. ચૂંટણી પહેલા ભાજપે શિવસેના સાથે સત્તા વહેંચવાનું વચન આપ્યું હતું, પરંતુ જો હવે ભાજપ પોતાનું વચનથી પાછળ હટી રહી છે. તેવામાં સવાલ ઊભો થાય છે કે, શું બાલાસાહેબ ઠાકરે આજે જીવિત હોત તો ભાજપ હજુ પણ તેટલું સાહસ દેખાડી શકત? મહારાષ્ટ્રમાં સરકાર બનાવવાને લઈને ભાજપ-શિવસેના વચ્ચે કોકડું ગુંચવાયેલું છે. આ સ્થિતી વચ્ચે એનસીપી નેતા રોહીત રાજેન્દ્ર પવારે ભાજપ-શિવસેના ગઢબંધન પર પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે, એનડીએના સહયોગીઓ વચ્ચે હાલનું ઘર્ષણ લોકતંત્રનું અપમાન છે.

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-

દર વર્ષે દિલ્હીમાં આ સ્થિતિ હોય છે છતાં આપણે કંઈ કરી નથી શકતાઃ સુપ્રિમ

સરકાર લોકોને મરવા છોડી રહી છે: દિલ્હી પ્રદૂષણ મુદ્દે સુપ્રિમ લાલઘૂમ

ન્યુ દિલ્હીઃ રાજધાની દિલ્લીમાં ફેલાયેલા પ્રદૂષણનાં મુદ્દા પર હવે દેશની સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરી છે. સોમવારનાં દિલ્લીમાં ફેલાયેલા પ્રદૂષણ પર ટિપ્પણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે દરેક વર્ષે દિલ્લીમાં આ સ્થિતિ હોય છે અને આપણે કંઇ જ નથી કરી શકતા. સુપ્રીમ કોર્ટે આ દરમિયાન રાજ્ય સરકારોને પણ ફટકાર લગાવી છે અને પાકનો ભૂકો સળગાવવા પર એક્શન લેવાની વાત કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે,લોકોને જીવવાનો અધિકાર છે, એક ભૂકો સળગાવે છે અને બીજાનાં જીવવાનાં અધિકારનું ઉલ્લંઘન કરે છે. સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં પ્રદૂષણ અંગે કેન્દ્ર અને દિલ્હી સરકારને એક-બીજા પર આરોપ પ્રત્યારોપ કરવાને બદલે નક્કર પગલાં ભરવા ટકોર કરી છે. સુપ્રીમે પૂછ્યું છે કે ઓડ ઈવનથી શું ફાયદો થઈ રહ્યો છે? દિલ્હી સરકારે કહ્યું છે કે માર્ગો પર ઓછી સંખ્યામાં ગાડી હોવાથી પ્રદૂષણ ઓછું ફેલાય છે, લોકો પબ્લિક ટ્રાન્સપોર્ટથી મુસાફરી કરે છે. આ સાથે સુપ્રીમે કહ્યું છે કે ડિઝલ વ્હિકલ પર પ્રતિબંધ સમજી શકાય છે પરંતુ ઓડ ઈવન શું છે? ગત વર્ષ તમે કહ્યું હતું કે ૩૦૦૦ બસ આવશે, પરંતુ ફક્ત ૧૨૦ જ આવી.

જસ્ટિસ અરૂણ મિશ્રાની બેંચે આ મામલે ટિપ્પણી કરતા કહ્યું કે કેન્દ્ર સરકાર કરે કે પછી રાજ્ય સરકાર, આનાથી અમને મતલબ નથી. જસ્ટિસ મિશ્રાએ કહ્યું કે, દર વર્ષે ૧૦-૧૫ દિવસ માટે આપણે આ જોવું પડે છે. તેમણે કહ્યું કે, આજે લુટિયન ઝોનમાં એક બેડરૂમ પણ છઊૈ ૫૦૦ સુધી પહોંચી ગયો છે અને આ દિલ્લીની સ્થિતિ છે. સુપ્રીમ કોર્ટે આ દરમિયાન પંજાબ સરકારને સીધો પ્રશ્ન કર્યો છે. જો ગ્રામ પંચાયત આ માટે જવાબદાર છે તો તમે તેમની સાથે વાત કેમ નથી કરતા. અદાલતે કહ્યું કે, અમને એ લોકોનાં નામ આપો જે ભૂકો સળગાવી રહ્યા છે અને લોકોને મરવા માટે છોડી રહ્યા છે.

સર્વોચ્ચ અદાલતે પંજાબ અને હરિયાણા સરકારને પુછ્યું કે, ‘‘અત્યાર સુધી તેમણે ગ્રામ પ્રધાન અને સરપંચોની સામે કોઈ એક્શન કેમ નથી લીધી? તમારા લોકોને પણ આનાથી ફર્ક પડી રહ્યો છે. શું તમે ઈચ્છો છો કે લોકો મરી જાય?’’ સુપ્રીમ કોર્ટે આ સાથે જ કેન્દ્ર અને રાજ્ય સરકાર પાસે તેમના એક્શન પ્લાન વિશે પુછ્યું છે. પર્યાવરણ નિષ્ણાત સુનીતા નારાયણે આ દરમિયાન સુપ્રીમ કોર્ટમાં રિપોર્ટ ફાઈલ કરી. તેમણે માંગ કરી છે કે કેન્દ્ર સરકારને એન્વાયરમેન્ટ ડિપાર્ટમેન્ટ," દિલ્લીનાં એક્સપર્ટની સલાહ લેવી જોઈએ. તેમણે કહ્યું છે કે તમામ રાજ્યોને પાકનો ભૂકો સળગાવવા પર રોક લગાવવી જોઈએ, કોઈપણ દેશ આ રીતે ના રહી શકે. લોકો મરી રહ્યા છે અને સતત મરી રહ્યા છે.

કેન્દ્ર સરકાર તરફથી જવાબ આપવામાં આવ્યો છે કે ચીફ સેક્રેટરીએ આ મામલે બેઠક કરી છે અને પાકનો ભૂકો સળગાવવાની ઘટના રોકવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, ફક્ત બેઠકો પર્યાપ્ત નથી. આખરે કોણ જવાબદાર છે? રાજ્ય સરકારો જવાબદાર છે અને તે ફક્ત ચૂંટણીમાં વ્યસ્ત છે. તે લોકો લોકોને મરવા દઈ રહ્યા છે.

થરા અને રાધનપુર વિસ્તારમાંથી વાહનચોરી કરનારા બે શખ્સો ઝડપાયા

થરાદ, થરાદ પોલીસે વાહનચેકીંગ દરમ્યાન ૭૦ હજાર રૂપીયાનાં બે શંકાસ્પદ વાહનો સાથે બે શખસોની અટકાયત કરી હતી. આ વાહનો થરા તેમજ રાધનપુર પોલીસમથકની હદમાંથી ચોરાયેલાં હોવાનું ડીટેક્ટ થવા પામ્યું હતું. પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી. જિલ્લા પોલીસ અધિક્ષક તરૂણ દુગ્ગલની જીલ્લામાં વધતા જતા વાહન ચોરીઓના ગુનાઓ અટકાવવા સારૂ તેમજ જુના શોધી કાઢવા સારૂ સુચનાઓ આપતાં થરાદના ડીવાયએસપી એસ.કે.વાળાના માર્ગદર્શન હેઠળ પી.આઈ. જે.બી.આચાર્ય તથા સ્ટાફ વિક્રમભાઈ વસ્તારામ તથા વશરામભાઈ ગણેશભાઈ તથા નૈપાલસીહ તનુસીહ ટાઉનમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન થરાદ ચાર રસ્તા પાસે જતાં એક એકટીવા ચાલક નંબર વગરનું લઈનેશાહીલભાઈ અબ્દુલભાઈ ધાંચી રહે. થરાદ સર્વોદય સોસાયટી તથા થરાદ સર્કિટ હાઉસ ત્રણ રસ્તા પાસે વાહન ચેકીંગની કામગીરી કરતાં સ્પલેન્ડર મોટર સાયકલ નં.જી.જે.-૨૪-એડી-૫૩૭૪નું લઈ મહેશભાઈ ભગવાનભાઈ જોષી રહે.સુંધલનગર સોસાયટી મુળ રહે.કાણોઠી તા.સુઈગામ નીકળ્યા હતા. પોલીસે શંકાના આધારે બંન્નેને ઉભા રખાવી માલિકીનો આધાર પુરાવો માગતાં એકે આપી શક્યા ન હતા.

તેમજ પોતાની પાસે ન હોવાનું જણાવ્યું હતું. આથી પોલીસને બંન્ને વાહન ચોરીનાં હોવાનું જણાતાં સફેદ કલરનું ચેચીસ નંબર ME4JC448CC7277662 તથા એન્જીન નંબર JC44E5277120 વાળું એકટીવા કિ.રૂ.૩૦૦૦૦ તથા ચેચીસ નંબર નંબર MBLHA10CGGHG26441 તથા એન્જીન નંબર HA10ERGHG74191 વાળું મોટરસાયકલ કિ.રૂ.૪૦૦૦૦ નું ગણી સી.આર.પી.સી.ક.૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે લીધું હતું. તથા બંન્નેની અટકાયત કરી હતી. તથા બંન્ને ઈસમો વિરુધ્ધ કાર્યવાહી અર્થે થરા તેમજ રાધનપુર પો.સ્ટે.ના અનડીટેકટ ગુના દાખલ થયેલ તે ગુનો શોધી કાઢવામાં આવ્યો હતો.

ટેકએક્સચેંજ ઇંડિયન સ્ટાર્ટઅપ્સ માટે સહાયક

અમદાવાદઃ ટેકએક્સચેંજ એ યુકે ખાતેના હાઈ કમિશન ઓફ ઈન્ડિયા અને FICCI યુકે ની મહત્વની પહેલ છે. આશા છે કે આ પહેલ દ્વારા ઈન્ડિયા અને યુકે વચ્ચેના નવીનીકરણ અને સ્ટાર્ટઅપ ને વેગ મળશે .

ટેકએક્સચેંજ પ્રોગ્રામ જેનો હેતુ ઇંડિયન સ્ટાર્ટઅપ ને પ્રોત્સાહન અને સહયોગ આપી વૈશ્વિક બજાર નું ફલક આપવાનો છે. ગ્લોબલ સ્ટાર્ટઅપ કૉમ્યુનિટી દ્વારા ભારતભરમથી સ્ટાર્ટઅપ ને આંતરરાષ્ટ્રીય અગ્રણી ઓ , રોકાણકારોએ , નીતિકારો , ભાગીદારો , વેન્ચર કેપિટલિસ્ટ — મૂડીવાદી સાહસિકો સાથે સાંકળવાનો છે. તે ભારત ના સ્ટાર્ટપ ઈકોસિસ્ટમ સ્ટેકહોલ્ડર્સ ને તેમના સમકક્ષ સાથે વાતચીત અને શિખવામાં મદદરૂપ થશે. ટેકએક્સચેંજ ૨૦૧૮ યુકેના ભારત ખાતેના હાઈ કમિશનર ઓફ ઈન્ડિયા દ્વારા ૨૦૧૮માં લંડન ખાતે આયોજિત કરાયેલ અને પાંચ દિવસની પ્રથમ એડિશન લંડન ખાતે સપ્ટેમ્બર ૨૦૧૮ માં યોજાયેલ. ૨જી એડિશન તાજેતર માં જ ૧૬-૨૦ સપ્ટેમ્બર ૨૦૧૯ માં યોજાઈ ગઈ. -

કારે બાઈકસવાર દંપતીને ટક્કર મારતા પત્નીનું મોત નીપજ્યું

સુરતઃ આભવા ચાર રસ્તા પાસે મોડી સાંજે બાઈકને અજાણ્યા કારચાલકે ટક્કર મારતા ઈજા પામેલા દંપતી પૈકી પત્નીનું મોત નિપજ્યું હતું.

નવી સિવિલ હોસ્પિટલથી મળેલી વિગત મુજબ આભવાગામમાં રહેતા ૩૮ વર્ષીય સુમનબેન રાજારામ વિશ્વકર્મા વિશ્વ ની હોટલમાં નોકરી કરતા હતા. જોકે મોડી સાંજે સુમનબેન ને તેમના પતિ રાજારામ હોટેલેથી લઈને મોટર સાઈકલ પર ઘરે આવવા નીકળ્યા હતા. તે સમયે આભવા ચોકડી પાસે પુરપાટ ગફલત ભરી રીતે હંકારતા અજાણ્યા કારચાલકે મોટર સાયકલને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો જેમાં દંપતીની ઈજા થતાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

બાલાજી ગ્રૂપના બિલ્ડર આશિષ શાહને કોર્ટે આપી ‘ક્લિનચિટ’

અમદાવાદઃ ગુજરાતના અગ્રણી બિલ્ડર શ્રી બાલાજી ગ્રૂપના સીએમડી શ્રીમાન આશિષભાઈ શાહને કોર્ટ તરફથી ક્લિનચિટ આપવામાં આવી છે અને તેમના વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી પોલિસ ફરિયાદોને ફગાવી દીધી છે.

કોર્ટમાંથી ક્લિનચિટ મળ્યા બાદ આશિષભાઈ શાહે તેમના વિરુદ્ધ થયેલી ખોટી પોલીસ ફરિયાદો અને લુખ્ખા અને ગુનાઈત તત્વો તરફથી થઈ રહેલી કનડગત અંગે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં આશિષભાઈ શાહે જણાવ્યું કે, કોર્ટ તરફથી મને ક્લિનચિટ આપવામાં આવી છે. તમારી વિરુદ્ધ તદ્દન ખોટી પોલીસ ફરિયાદો દાખલ કરીને મારો બિઝનેસ તોડી પાડવા, મારી ઈજ્જત-પ્રતિષ્ઠાને લાંછન લગાવવાનું કાવતરું ઘડવામાં આવ્યું છે.

મારી વિરુદ્ધ ફરિયાદ કરનાર ભાવિન પટેલ, તેજસ પટેલ સહિત તેના અન્ય સાથીઓ દ્વારા આ ષડયંત્ર રચવામાં આવ્યું છે. ભાવિન પટેલ અને તેના બનેવી વિરુદ્ધ વર્ષ ૨૦૧૬માં વસ્ત્રાપુર પોલીસ સ્ટેનશમાં લુંટનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. તેજસ પટેલ વિરુદ્ધ પણ વર્ષ ૨૦૧૪માં બી-સમરી દાખલ કરાઈ હતી. આ ગુનાખોરોની વિરુદ્ધ વર્ષ ૨૦૧૭માં ચાંદખેડામાં પોલિસી ફરિયાદ થઈ હતી તેને વાઈન્ડઅપ કરવામાં આવી હતી. (૨૦-૪)

ભૌતિક કબ્જા નોટીસ

ICICI Home Finance

બ્રાન્ચ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક લી., ઓફિસ નંબર ૨૦૧-બી, ૨જો માળ, રોડ નં.૧ પ્લોટ નં.- બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર- ૪૦૦૬૦૪

આથી

સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મ્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો પ્રતિકાત્મક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદારનું નામ / લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત / ભૌતિક કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
૧	પ્રકાશ ડી વર્મા/ ઇલાબેન પ્રકાશ વર્મા - NHHAL00000848629	પ્લોટ નં.૪, રૂદ્રાક્ષ રેસીડેન્શી, આર એસ નં.૪૨ પૈકી ૧ અને ૨ ગામ નલધરી, સબ- ડિસ્ટ્રી., વાલિયા, ભરૂચ, ગુજરાત- ૩૯૨૦૦૧//૧૮ નવેમ્બર, ૨૦૧૯.	૩૧ માર્ચ, ૨૦૧૮ રૂા. ૧૨,૨૧,૬૧૫.૦૦/-	ગુજરાત

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૨૦-૧૧-૨૦૧૯
સ્થળ : ગુજરાત

ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ

યુનિફોર્મ ગારમેન્ટ એન્ડ ફેબ્રિક મેન્યફેક્ચરર્સ ફેર ૨૦૧૯ ની ચોથી આવૃત્તિ યોજાશે

SOLAPUR GARMENT MANUFACTURER'S ASSOCIATION
PROUDLY PRESENTS
4th
UNIFORM & GARMENT
MANUFACTURERS FAIR
Supported by
Venue:
Hall 5, Bombay Exhibition Center NESCO, Goregaon East, Mumbai, Maharastra, 400063, India
17 18 19 2019
THE TEXTILE MINISTRY DEPARTMENT GOVERNMENT OF MAHARASHTRA

અમદાવાદઃ સોલાપુર ગારમેન્ટ મેન્યુફેક્ચર્સ એસોસિયેશન (એસજીએમએ) ભારતના યુનિફોર્મ, ગારમેન્ટ અને ફેબ્રિક મેન્યુફેક્ચરર્સ ફેર ૨૦૧૯ની ચોથી આવૃત્તિ મુંબઈમાં ૧૭-૧૯ ડિસેમ્બર, ૨૦૧૯ના વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ગોરેગાવ એક્ઝિબિશન સેન્ટર ખાતે યોજવાની જાહેરાત કરવામાં ગૌરવની લાગણી અનુભવે છે. ઓનલાઈન નોંધણી માટે સહભાગીઓ https://solapurunifroms.com/even પર વિઝિટ કરી શકે છે. સોલાપુરમાં અને બેન્ગલુરુમાં ત્રીજી આવૃત્તિ સહિત બે સફળ આયોજન પછી એસોસિયેશન મહારાષ્ટ્ર રાજયના દુનિયાનું યુનિફોર્મ સોર્સિંગ કેન્દ્ર તરીકે પ્રમોટ કરવા માટે મુંબઈમાં ચોથી આવૃત્તિનું આયોજન કરવા સુસજ્જ છે. મહારાષ્ટ્રના ટેક્સટાઈલ્સ મંત્રાલયના વિચારમાંથી અને રાજ્ય સરકાર સાથે સહયોગમાં આયોજિત આ મેળા થકી વર્ષ ૨૦૨૪માં મહારાષ્ટ્રમાં ૨૫૦૦ નવાં એકમો ઊભાં કરવાનું અને મહારાષ્ટ્ર અને સોલાપુરને ભારતનાં યુનિફોર્મ સોર્સિંગ કેન્દ્ર તરીકે વિકસાવવાનું આખરી લક્ષ્ય છે.

નિલેશ શાહ કહે છે, મહારાષ્ટ્રમાં ટેક્સટાઈલ મંત્રાલયના ટેકા સાથે ટૂંક સમયમાં મોટો ગારમેન્ટ પાર્ક ઊભો થયેલો જોવા મળશે. ૨૦૧૯ના મેળાનો અમારો હેતુ દેશભરમાંથી ૧૦૦૦૦થી વધુ રિટેઈલરો અને ડીલરો આવે અને ટેક્સટાઈલ ઉદ્યોગ દ્વારા કરાયેલી પ્રગતિને તેઓ રૂબરૂ જુએ તે છે. યુનિફોર્મ અને ગારમેન્ટ ક્ષેત્રમાં નામાંકિત બ્રાન્ડ્સ અને કોર્પોરેટ ગૃહો મેળામાં ભાગ લેશે. રેમન્ડ્સ, સિયારામ, એસ. કુમાર્સ, વાલજી, ક્યુમેક્સ વર્લ્ડ, સંગમ, સ્પર્શ ફેબ, રિલાયન્સ, વોકી ટોકી, સ્વરાજ, શુભ ટેક્સ, એજે ટેક્સટાઈલ યુનિફોર્મ ફેબ્રિક ઉત્પાદકોમાં ભાગ લેનારી અમુક બ્રાન્ડ્સ છે. (૨૨-૧)

થરાદ તાલુકાની બે માયનોર નહેર તૂટતાં ખેડૂતો પાયમાલ

થરાદ, થરાદ પંથકમાંથી પસાર થતી વધુ બે માયનોર નહેરો તુટવાના કારણે બાજુમાં ખેતરો ધરાવતા ખેડુતોના ખેતરોમાં ઉભા પાકમાં પાણી ફરી વળતાં તેમને ભારે નુકશાન થવા પામ્યું હતું. આથી ખેડુતોમાં ભારે રોષની લાગણી પ્રસરી જવા પામી હતી. તંત્ર દ્વારા વળતર ચુકવવામાં આવે તેવી માંગ સાથે ખેડુતો કચેરીઓમાં પણ દોડી આવ્યા હતા. ચાર દિવસ પહેલાં ચાલુ કરવાની સાથે જ થરાદ તાલુકાની ચારડા માયનોર નહેરમાં દસ ફુટનું ગાબડું પડતાં ખેડુતનો જુઆરનો ઘાસચારો પલળીને બગડવા પામ્યો હતો. જેની વચ્ચે ગુરુવારની રાતે વરસાદ વચ્ચે થરાદ તાલુકાના ગડસીસર માંથી પસાર થતી પિરગઢ માયનોર નહેરમાં ગાબડું પડ્યું હતું.

આથી તેનું પાણી નહેર વચ્ચે ખેતર ધરાવતા ગડસીસરના લખીરામભાઈ રાજારામભાઈ ડીઘારી (બ્રાહ્મણ)ના ખેતરમાં ફરી વળ્યું હતું. જેના કારણે ઉભી દાડમના પાકનો દાટ વાળ્યો હતો.. જ્યારે તાલુકાની ચુવા માઈનોર કેનાલમાં પણ ગાબડું પડ્યું હતુ. પાણી બાજુના ખેડુતના ખેતરમાં ફરી વળતાં મકાઈના અને રાયડાના પાકને ભારે નુકશાન થવા પામ્યું હતુ.

સજ્જન કુમારની જામીન અરજી પર સુપ્રિમ કોર્ટ સુનવણી કરશે

ન્યુ દિલ્હીઃ સુપ્રિમ કૉર્ટમાં સિખ રમખાણોના આરોપ હેઠળ સજા ભોગવી રહેલા કોંગ્રેસ નેતા સજ્જન કુમારની જામીન અરજી પર વિમર્શ કરવાનો નિર્ણય કર્યો છે. સજ્જન કુમારને પાંચ સિખોને મારી નાખવાનો અને વર્ષ ૧૯૮૪માં ૧-૨ નવેમ્બરે એક ગુરૂદ્વાર સળગાવવાની આરોપમાં દોષી ઠેરવાયા હતા.

સુપ્રિમ કૉર્ટે કહ્યું કે પૂર્વ કોંગ્રેસ નેતા સજ્જન કુમારની જામીન અરજી કરવામાં આવશે. સજ્જનને ૧૯૮૪ સિખ વિરોધી રમખાણોમાં જેલ ભેગા કરાયા છે.

આ અંગે મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈની અધ્યક્ષતાવાળી બે ન્યાયાધીશોની બેચ દ્વારા સુનવણીનો નિર્ણય કર્યો છે. આ પહેલા સજ્જન કુમારે કૉર્ટમાં વહેલીતકે સુનવણી કરવાની માગ કરી હતી.

અક્ષીતા કોટન લિમિટેડ

સીઆઈએનઃ એલ૧૭૨૦૦જીજે૨૦૧૩પીએલસી૦૭૬૦૫૯
રજિસ્ટર્ડ ઑફિસઃ સર્વે ક્રમાંક ૩૨૪ ૩૫૭ ૩૫૮, કડી થોલ રોડ,
બોરીસના, કડી, મહેસાણા - ૩૮૨ ૭૧૫, ગુજરાત.
વેબ સાઈટઃ www.axitacotton.com; ઈ-મેઈલઃ cs@axitacotton.com;
મોબાઈલ નં.: +૯૧ - ૬૩૫૮૭ ૪૭૫૧૪

વિશેષ સામાન્ય મીટિંગની સૂચના

આથી નોટિસ આપવામાં આવે છે કે;

૧. અક્ષીતા કોટન લિમિટેડ (કંપની) ના શેરહોલ્ડરોની વિશેષ સામાન્ય સભા ("સામાન્ય સભા") તારીખઃ ડિસેમ્બર ૧૩, ૨૦૧૯, શુક્રવાર, ના દિવસે સાંજના ૦૪:૦૦ વાગ્યે રજિસ્ટર્ડ ઓફિસ પર એટલે કે સર્વે ક્રમાંક ૩૨૪ ૩૫૭ ૩૫૮, કડી થોલ રોડ, બોરીસના, કડી, મહેસાણા - ૩૮૨ ૭૧૫, ગુજરાત પર ખાસ વ્યવસાયોનો વ્યવહાર કરવો ૧. કંપનીની અધિકૃત શેર મૂડી વધારવી અને કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસિએશન ના ક્લોઝ V ના પરિણામે ફેરફાર અને ૨. બોનસ ઈક્વિટી શેર્સ ઈશ્યૂ.

૨. કંપનીના શેરો, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (મૂડીના ઈશ્યૂ અને જાહેરાત જરૂરિયાતો) નિયમો, ૨૦૧૮ ના પ્રકરણ IX તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (મૂડીના ઈશ્યૂ અને જાહેરાત જરૂરિયાતો) નિયમો, ૨૦૦૯ ના પ્રકરણ XB ની દ્રષ્ટિએ બીએસઈ લિમિટેડ પર સૂચિબદ્ધ છે જેના લીધે કંપનીએ, કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ હેઠળ શેરહોલ્ડરોને ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવાની જરુર નથી. તેથી વિશેષ સામાન્ય સભામાં મતદાન કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૯ મુજબ મતદાનની માંગણી કરીને હાથ ધરવામાં આવશે.

૩. જે શેરહોલ્ડરોના નામો શેરહોલ્ડરોના નોંધણીપત્રકમાં અથવા ડિપોઝિટરી દ્વારા નોંધાયેલા નોંધણીપત્રકમાં, તારીખઃ ૦૬/૧૨/૨૦૧૯, શુક્રવાર, ના દિવસે નોંધાયેલા હશે, તે શેરહોલ્ડરો સામાન્ય સભામાં મત આપવાના હકદાર રહેશે.

૪. વિશેષ સામાન્ય સભાની નોટિસની ઈલેક્ટ્રોનિક કોપી એ બધા શેરહોલ્ડરોને કે જેમના ઈમેઈલ ખાતા કંપની/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ઓ) સાથે નોન્ધાયેલા છે તેમને મોકલી આપવામાં આવેલ છે. બીજા બધા શેરહોલ્ડરો કે જેમના ઈમેઈલ ખાતા કંપની/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ઓ) સાથે નોન્ધાયેલા નથી તેમને નોટિસની નકલો મંજૂરી મોડમાં તેમના નોન્ધાયેલા સરનામાં પર મોકલવામાં આવેલ છે.

૫. વધુમાં આ સામાન્ય સભાની નોટીસ કંપનીની વેબસાઈટ www.axitacotton.com પર પણ ઉપલબ્ધ છે.

૬. આ સામાન્ય સભાની સાથે સંકળાયેલી કોઈપણ પ્રશ્ન અથવા ફરિયાદને કંપનીના કંપની સચિવને ઇ-મેલ cs@axitacotton.com પર સંબોધવામાં આવી શકે છે.

બોર્ડના આદેશ દ્વારા
અક્ષીતા કોટન લિમિટેડ
--sd—
કુશલ પટેલ, વહીવટી સંચાલક
ડીઆઈએનઃ ૦૬૬૨૬૬૩૯

સ્થાનઃ કડી
તારીખઃ ૧૯/૧૧/૨૦૧૯